# મોનોક્રોમ લુકનો જાદુ



ગરમીમાં આપણે ફેશનમાં ઘણા પ્રકારના એક્સપરિમેન્ટ કરી શકીએ છીએ. આ મોસમમાં લાઈટ, આરામદાયક અને સ્ટાઈલિશ કપડાં પસંદ કરવામાં આવે છે ત્યારે મોનોક્રોમ લુક એક એવો ટ્રેન્ડ છે જે માત્ર જોવામાં જ ક્લાસી નથી લાગતો પરંતુ ગરમી માટે બેસ્ટ છે.

એક જ રંગમાં અલગ અલગ શેડ્સ કે એક જ ટોનમાં આખા આઉટફિટને સ્ટાઈલ કરવા જ મોનોક્રોમ લુક કહેવાય છે. જો તમે વ્હાઈટ કલર પસંદ કરો તો વ્હાઈટ ટોપ, ઓફ વ્હાઈટ પેન્ટ અને ક્રીમ શેડની એક્સેસરીઝ સાથે એક પર્ફેક્ટ મોનોક્રોમ લુક ક્રીએટ કરી શકાય છે. એમાં કલરનો બદલાવ બહુ ઓછો હોય છે પરંતુ શેડ્સ અને ટેક્સચર સાથે ઘણા પ્રકારના એક્સપરિમેન્ટ કરી શકાય છે.



## મોનોક્રોમ લુક કેવો હોય?

### ઓફિસ લુક

ગરમીમાં ઓફિસ માટે બેજ કે લાઈટ ગ્રે મોનોક્રોમ લુક એકદમ પર્ફેક્ટ છે. એક સિમ્પલ શર્ટ અને ટ્રાઉઝર સાથે ક્લીન અને પ્રોફેશનલ અપિયરન્સ માટે પર્ફેક્ટ છે.

### કેઝ્યુઅલ આઉટીંગ

કેઝ્યુઅલ ડે માટે વ્હાઈટ ટી શર્ટ અને વ્હાઈટ શોર્ટ્સ સાથે સ્નીકર્સ કુલ અને રિલેક્સ્ડ લુક માટે બહેતર છે.

### પાર્ટી કે ઈવનિંગ લુક

સાંજની પાર્ટી માટે બ્લેક કે પેસ્ટલ પિન્ક મોનોક્રોમ ડ્રેસ સાથે મિનિમલ જ્વેલરી પહેરી શકાય છે.

### એથનિક લુક

કોટન કુરતા અને પલાઝોનાં એક જ રંગમાં કોમ્બિનેશન ગરમી માટે આરામદાયક અને સ્ટાઈલિશ છે.

## ગરમીમાં શા માટે અપનાવવો જોઈએ મોનોક્રોમ લુક?

### કુલ અને ફ્રેશ ફીલ આપે છે

સફેદ, પેસ્ટલ બ્લૂ, બેબી પિન્ક કે મિન્ટ ગ્રીન ગરમીમાં ઠંડકનો અહેસાસ આપે છે. મોનોક્રોમ લુકમાં આ રંગોના ઉપયોગથી તમે એલિગન્ટ દેખાશો.

### સ્ટાઈલ સિમ્પલ છતાં ક્લાસી

મોનોક્રોમ લુકની સૌથી મોટી ખાસિયત એ છે કે એમાં વધારે મહેનત કર્યા વિના સ્ટાઈલિશ દેખાશો. એક જ કલરમાં તૈયાર થવું હંમેશાં સોફિસ્ટિકેટેડ લાગે છે.

### આઉટફિટ પસંદ કરવા આસાન

દરરોજ શું પહેરવુંની સમસ્યામાંથી છૂટકારો મળે છે. એક રંગ પસંદ કરી એને અનુસાર આખો લુક તૈયાર કરી શકાય છે

### સ્લિમ અને ટોલ લુક આપે છે

એક જ રંગના આઉટફીટ શરીરને એક ફ્લો આપે છે જેનાથી તમે લાંબા અને સ્લિમ દેખાઈ શકો છો.



## મોનોક્રોમ લુક કેરી કરવાની રીત

### યોગ્ય રંગની પસંદગી

ગરમીમાં લાઈટ અને સોફ્ટ રંગ સૌથી સારા લાગે છે. સફેદ, પીચ, લવંડર, બેજ, મિન્ટ અને સ્કાય બ્લૂ જેવા રંગ પસંદ કરો. આ રંગ આંખોને ઠંડક આપે છે અને ગરમીને પણ ઓછી આકર્ષિત કરે છે.

### શેડ્સ સાથે એક્સપરિમેન્ટ

મોનોક્રોમનો અર્થ એ નથી કે બિલકુલ એક જ શેડ પહેરો. તમે એક જ રંગના અલગ અલગ શેડ્સ પસંદ કરી શકો દા.ત. ડાર્ક બ્લૂ જીન્સ સાથે લાઈટ બ્લૂ શર્ટ.

### ટેક્સચર

જો આખું આઉટફિટ એક જ રંગનું હોય તો ટેક્સચરમાં વેરાયટી લાવવી જરૂરી છે. કોટન, લિનન, સિલ્ક કે ડેનિમ જેવા અલગ અલગ ફેબ્રિક્સ લુકને વધારે ઈન્ટરેસ્ટિંગ બનાવે છે.

### એક્સેસરીઝ

મોનોક્રોમેટિક લુક ઘણી યુવતીઓને બોરિંગ લાગે છે. મોનોક્રોમ લુકમાં એક્સેસરીઝ બહુ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. થોડી એક્સેસરીઝથી લુકને સ્પાઈસ અપ કરી શકાય છે. તમે ન્યૂટ્રલ કે કોન્ટ્રાસ્ટ એક્સેસરીઝ પસંદ કરી શકો. દા.ત. વ્હાઈટ આઉટફિટ સાથે બ્રાઉન બેલ્ટ કે ગોલ્ડન જ્વેલરી. તમે હેટ-કેપથી માંડી સનગ્લાસિસ, ચંકી જ્વેલરી આઉટફિટ સાથે પેર કરી શકો. એ તમારા લુકની એકરસતાને બ્રેક કરી લુકને વધારે સ્ટાઈલિશ બનાવશે.



### ફૂટવેર

બૂટ કે સેન્ડલ તમારા આખા લુકને કમ્પલીટ કરે છે. તમે ક્યાં તો એ જ રંગના ફૂટવેર પસંદ કરી શકો અથવા બેજ, ટેન કે વ્હાઈટ જેવા ન્યૂટ્રલ ટોન. થોડા એક્સપરિમેન્ટલ થવા ઈચ્છતાં હો તો પ્રિન્ટેડ, બ્રાઈટ તથા નિયોન કલર પસંદ કરી શકાય.



## ટિપ્સ

» કોટન-લિનન જેવાં લાઈટ ફેબ્રિક્સ પસંદ કરો.

» મેકઅપ પણ સોફ્ટ અને નેચરલ રાખો.

» હેર સ્ટાઈલ સિમ્પલ રાખો જેથી લુક ઓવરડન ન લાગે.

» સનગ્લાસિસ જેવી એક્સેસરીથી લુક નિખારો.